નારી શક્તિ

# નવરાત્રી, દિવાળી જેવા તહેવારોની ચીજો માટે મેળા થશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતભરમાં સખીમંડળનાં નેજાં હેઠળ મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી રાખડીઓને સીધી જ



ગ્રાહકો સુધી પહોંચાડવા માટે રાખી મેળાઓ યોજવામાં આવ્યા છે. આ રાખી મેળાની સફળતાથી પ્રેરાઇને મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે હવે આગામી ગણેશોત્સવ, નવરાત્રિ અને દિવાળીના તહેવારોની ઉજવણી માટે આવશ્યક ચીજવસ્તુઓના પણ મેળા યોજવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ તા.૧થી ૧૪ ઓગષ્ટ સુધી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવાની જાહેરાત કરી હતી અને તેમાં રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં લઇ રાખી મેળા યોજવા ખાસ ભાર મુકયો હતો તેને સારી એવી સફળતા મળી છે એટલે હવે ગણેશોત્સવના તહેવારોમાં ઇકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓના નિર્માણ અને તેના વેચાણ માટેના સ્ટોલ્સ ઊભા કરાશે. આ સ્ટોલ્સ જયાં ગણેશોત્સવનું વધારે મહત્ત્વ છે તેવા શહેરો, નગરોમાં ખાસ યોજવામાં આવશે, તેમ સરકારી પ્રવકતા નીતિન પટેલ અને સૌરભ પટેલે ઉમેર્યું હતું.

**સખીમંડળનાં** નેજાં હેઠળ સરકાર મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજોનું માર્કેટિંગ કરશે

**ગણેશોત્સવ** માટે પર્યાવરણની જાળવણી થાય તેવી મૂર્તિનાં નિર્માણ-વેચાણ માટે વિશેષ વ્યવસ્થા થશે

એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રી અને પ્રવકતા નીતિન પટેલે કહ્યું કે, સખીમંડળની મહિલાઓનો માટીની મૂર્તિઓના નિર્માણ માટે તે જ રીતે નવરાત્રિ અને દિવાળીના તહેવારો માટેની ચીજોના નિર્માણ માટે જરૂરી કાચો માલ ઉપલબ્ધ થાય તે માટે ઉદ્યોગ વિભાગની વિવિધ યોજનાઓનો પણ લાભ મળશે. રાજ્યમાં હજારો ગરીબ મહિલાઓ, હુન્નર ધરાવતી મહિલાઓ વિવિધ ચીજો તૈયાર કરે છે. આ મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓના માર્કેટિંગ માટે હવે સરકારે આ પ્લેટફોર્મ પૂરું પાડવાનું નક્કી કર્યું છે. સામાન્ય રીતે અદાલતના આદેશ બાદ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓના નિર્માણ પર રોક લાગી છે તેમ છતાં આવી મૂર્તિઓના નિર્માણ નદીઓના પાણી અને તળાવોને દૂષિત કરે છે. આ

મુદ્દે મૂર્તિકારો સાથે વાટાઘાટોથી, સમજાવટથી કામ લેવાઈ રહ્યું છે, તેમ કહી પટેલે ઉમેર્યું કે, મહિલાઓ દ્વારા નિર્મિત માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ ગણેશ ભક્તોને ઉપલબ્ધ થાય તેવા અમારા પ્રયાસો છે. આ માટે હવે રાખી મેળાની જેમ ગણેશ મૂર્તિ માટે પણ મેળા યોજાશે. આવી જ મૂર્તિઓ ખરીદવા માટે મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોને અપીલ કરી છે.

ગણેશોત્સવ બાદ થોડા સમયમાં જ નવરાત્રિનો તહેવાર આવી રહ્યો છે, આ નવ દિવસના રાસ દાંડિયાના ઉત્સવમાં દાંડીયાથી માંડીને ચણિયા ચોળી, તેને લગતા આભૂષણો, રંગોળી માટે ઈકો ફ્રેન્ડલી કલર્સ ઉપલબ્ધ થાય તે માટે પણ વિશેષ મેળા યોજાશે. આ જ રીતે દિવાળીના તહેવારોમાં ગૃહ સુશોભન, પરંપરાગત વસ્ત્રો, રંગોળી માટે રંગ વગેરે પણ આ મેળામાં ઉપલબ્ધ થશે.